PRO

## જાહેરનામું

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

**ક્રમાંક : વિ.શા./એ-સેકશન/પરમીટ/ ૩૪ /૨૦૧૬**

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, સુભાષબ્રીજ સર્કલની બાજુમાં તથા પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, વસ્ત્રાલ, અમદાવાદ શહેર ખાતે આવેલ કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામકાજ અર્થે આવતી હોય છે. કેટલાંક બનાવો પરથી જાણવા મળેલ છે કે, આ કચેરીઓની આસપાસ તથા તેની નજીકના સ્થળે કેટલાંક ઇસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસર ઇરાદાઓ સેવી, જાહેર જનતાને ગેરમાર્ગે દોરી, પોતાની પાસે આ કચેરીઓને લગતું કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ છે અને આવી પ્રવૃત્તિઓ અટકાવવાનું જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

જેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ પોલીસ કમિશ્નરની હકુમત વિસ્તારમાં આવેલ ઉપરોક્ત કચેરીઓ ખાતે કોઇપણ અનઅધિકૃત ઇસમો કે ઇસમોની ટોળી દ્વારા સદરહું કચેરીઓમાં આવતી જાહેર જનતા/અરજદારોને ગેરમાર્ગે દોરી નાણાં પડાવવા જેવા ગેરકાયદેસર ઇરાદાઓ ધરાવતી વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તા.૨૧.૦૬.૨૦૧૬ ના ક.૦૦.૦૦ વાગ્યાથી તા.૧૯.૦૮.૨૦૧૬ ના ક.૨૪.૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૧૫-જુન-૨૦૧૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.